# દીવનો ઈતિહાસ

દીવ જેટલું અર્વાચીન પર્યટક કેન્દ્ર તરીકે મહત્વ ધરાવે છે, એટલું જ મહત્વ ઐતિહાસિક નગરી તરીકે ધરાવે છે. એનો આગવો ઈતિહાસ, પ્રાચીન કિલ્લો, ખ્રિસ્તી દેવળ, મંદિરો એના તાદ્રશ પુરાવા છે.

હિંદુ સંસ્કૃતિમાં આ ટાપુ પુરાણ પ્રસિદ્ધ છે. શિવપુરાણની રુદ્રસંહિતામાં ઉત્તરાખંડમાં દીવનો ઉલ્લેખ છે. ઋગ્વેદના સંદર્ભ પ્રમાણે યુગો પહેલાં ખંડવિભાજન થતા સમુદ્ર ખસતાં દીવ (દ્વીપ) ટાપુ અસ્તિત્વમાં આવ્યો, એ નિર્વિવાદ છે. યુગો પહેલાં આ પ્રદેશ જલંધરક્ષેત્ર તરીકે ઓળખાતો અને જલંધર નામના અસુરની આણ પ્રવર્તતી. ચક્રતીર્થ અને જલંધર વધના કથાનક દ્વારા આ માન્યતાને પુષ્ટિ મળે છે.

શ્રી. કૃષ્ણનાં સમયમાં આનર્તના પ્રભાસક્ષેત્રમાં દેવભદ્ર તરીકે દીવનો ઉલ્લેખ મહાભારતમાં થયો છે ત્યારે દીવ યાદવોનાં કબજામાં હતું.

શ્રી. કૃષ્ણની દ્વારકા દીવથી શરૂ થઈ અત્યારના ઓખા સુધી વિસ્તરેલી હતી એના અવશેષો હાલ પણ દરિયામાં ઓટ સમયે ક્યાંક ક્યાંક જોવા મળે છે. છેલ્લા ૨૫૦૦ વર્ષની દીવની ઐતિહાસિક હકીકત પ્રાપ્ત થઈ શકે છે.

પુષ્યગુપ્તના સમયમાં પિંગલ અને નંદ નામના શકવંશી રાજવીઓ સૌરાષ્ટ્રના દ્વીપ બંદરમાં શાસન કરતાં.

સમ્રાટ ચંદ્રગુપ્તના સમયમાં દીવનો ઉલ્લેખ પાતાળદ્વીપ તરીકે થયેલો છે. સમ્રાટ ચંદ્રગુપ્ત આ દીવને જીતવા આવેલ તે સમયના ચાર પ્રસિદ્ધ નૌકા મથકો મીનાનગર, પાતાલનગર, બારાગુજા, પાતાળદ્વીપ વગેરે હતાં. હાલનું ઠઠા તે મીનાનગર, પોરબંદર તે પાતાલનગર, દીવ તે પાતાળદ્વીપ, ભરૂચ તે બારાગુજા અને ખંભાત તે સ્તંભતીર્થ.

અશોકના શાસનકાળમાં તેનો પ્રતિનિધિ રુદ્રદામન અહીં શાસન કરતો, તે સમયે દેશાવરમાં બૌદ્ધધર્મના પ્રચાર માટે દીવથી પ્રસ્થાન કરેલ એ ઘટના તરફ અંગુલિનિર્દેશ કરતી “વિહાર” જેવી રુદ્રદામનની વાવ દૂધફૂલ ઝાંપાબહાર હતી.

ત્યારબાદ દીવ અમુક સમય સોરઠના શાસન હેઠળ હતું. ઈસુની છઠ્ઠી સાતમી આઠમી સદી સુધી ચાવડાવંશના રાજપૂતો હેઠળ આ વિસ્તાર હતો. ચાવડીવાવ તરીકે ઓળખાતી વાવ અને ટિંબો એ ઈતિહાસની ગવાહી પૂરે છે.

એક મત પ્રમાણે પારસીઓ ઈરાનથી પોતાનો ધર્મ બચાવવા પવિત્ર અગ્નિ લઈને દીવ બંદરે આવેલ અને અહીંથી ૧૯ વર્ષ બાદ ઈ.સ. ૬૯૮ માં સંજાણ બંદરે ગયાં. દીવની પારસી અગિયારી તેમજ પારસીવાડો એ એમના પુરાવા છે. આજુબાજુનો પ્રભાસક્ષેત્ર અને આજના કોડીનાર વિસ્તારમાં પણ

પારસી કુટુંબો હમણાં સુધી વસતાં હતાં. દીવના ઈતિહાસમાં પારસીઓનું પ્રદાન જો ન ગણીએ તો અધૂરો ગણાય.

ચિત્તોડ બાપા રાવલ, બયાન માતા અને એનો શિલાલેખ ઈતિહાસ સાથે સંકળાયેલ છે અને સાતમી શતાબ્દીમાં ઇસુપગોળ નામના રાજવીએ પ્રથમ દીવનો કિલ્લો (ગઢ) બનાવ્યો હોવાથી દીવનું નામ દીવગઢ પડેલ.

ત્યારબાદ વલ્લભી સામ્રાજય શરુ થયું. વલ્લભી રાજા શિલાદિત્યના તામ્રપત્રમાં દ્વીપ સંદર્ભ જોવા મળે છે.

આઠમી સદીની શરૂઆતમાં પરમાર રાજાઓએ ખાસ કરીને પરમાર વચ્છરાજે દીવ જીતી વિસ્તાર વધાર્યો ત્યારથી દીવનું નામ દેવ પટ્ટણ કે દીવ કોટ પડ્યું. આજનો ઘોઘલામાં આવેલ વાછડા દાદાનો ચોરો તે વચ્છ રાજાનું સ્થાનક છે.

આઠમી સદીના અંતભાગમાં આરબોનાં વિસ્તારવાદી ધાડાંઓ આવવાં લાગ્યાં. આ હુમલાને ખાળવા ચાવડા વંશના રાજવીઓ ઉના નજીક ગુપ્ત પ્રયાગના વનમાં રહ્યાં હતાં. થોડો સમય ચાવડા વંશનું શાસન રહ્યું. નવમી સદીના અંતમાં પ્રતિહાર વંશ અને એના સરદારે સોલંકી વંશની આણ સ્થાપી. સોલંકીની વાડી, સોલંકી પાળિયા, કુમારપાળનું જૈનમંદિર જે પાછળથી સૂર્યમંદિર તરીકે ઓળખાયું એ એમના પુરાવા છે.

આ સમય ગાળામાં દીવ અને દમણ જેવા બીજા એવા વિખ્યાત બંદરો જેવા કે ઈરાન, મિસર, અરબસ્તાન અને આફ્રિકા સાથે દીવનો ખૂબ જ વ્યાપાર પણ ચાલતો અને અહીં અઢળક સંપત્તિ ધરાવતા શાહ સોદાગરો રહેતાં અને આ સંપત્તિની લાલચથી જ મલેક કાફરે દીવને લૂંટ્યું હતું. આમ કાળની અનેક થપાટો વચ્ચે દીવ વિકસતું, નાશ પામતું અને પુનઃવિકાસ પામતું ઈતિહાસની તવારીખમાં જોવા મળે છે.

દીવના કોટ કિલ્લા, વાવ, ગુફાઓ નામશેષ ભલે થયાં પરંતુ એની અસ્મિતા આજે પણ જળવાઈ રહી છે. અહીંની પ્રજાની અટક, અહીંના સ્થળ વગેરે આજે પણ પૂર્વાપર સંબંધો તાજા કરે છે.

મોગલ સલ્તનનો બુઝાતો દીપક બહાદુરશાહ ઝફરના શાસનકાળ દરમિયાન સૂબાઓ સ્વતંત્ર સુલતાન બનવા લાગ્યા. આવો જ એક આરબ સૂબો મલેક અયાઝ હતો, જેની હકૂમતમાં દીવ આવતું. તેણે દીવને નવી બાંધણી આપી. એણે જ દીવના આજના કિલ્લાની શરૂઆત કરેલ, ત્યારબાદ ફિરંગીઓએ એમા વખતો વખત ફેરફાર કરેલ.

પંદરમી સદીના અંતભાગમાં પોર્ટુગીઝોએ પશ્ચિમ ભારતના મહત્વના બંદરો ઉપર પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરી દીધેલ. ઈ.સ. ૧૫૧૦ માં અલ્ફોન્સો દે અલ્બુકર્ક નામના પોર્ટુગીઝ ગવર્નરના કબજામાં ગોવા હતું અને મુસ્તુફાખાન રૂમી અને પોર્ટુગીઝો વચ્ચે એકબીજા ઉપર સરસાઈ મેળવવા યુદ્ધ થયાં અને દોં નૂનો દ કુન્હા નામના સરદારે ૧૬મી સદીના પ્રારંભમાં દીવનો જૂનો કિલ્લો જીતી લઈ દગાફટકાથી

બહાદુરશાહનો અંત લાવી પોર્ટુગીઝ શાસનને મજબૂત બનાવ્યું અને ૧૬મી સદીના મધ્યભાગમાં ખોજે ઝફર નામના તુર્કી સેનાપતિએ પૂરી ટક્કર લીધી પરંતુ તે મરાયો જેની યાદમાં એક સ્તંભ આજે પણ છે.

આ પોર્ટુગીઝ શાસનકાળ દરમિયાન ધર્માન્તરનું ચક્ર ચાલતું રહ્યું. પોર્ટુગીઝોની વટાળવૃત્તિ સામે જેઠીબાઈ નામની વીરાંગનાએ બાથ ભીડી જે વીરતાની કહાની "વીરાંગના જેઠીબાઈ" ના વિસ્તૃત પ્રકરણમાં સામેલ છે. મૂળ કચ્છના માંડવીના કચ્છી વીરાંગના તરીકે જાણીતા જેઠીબાઈ બ્રહ્મક્ષત્રિય માંડવીથી તેના પતિ પૂજા ટાટારીયા સાથે આજથી ૨૫૦ વર્ષ પહેલાં દીવ ગયાં હતાં. દીવમાં જેઠીબાઈનું રંગાટનું કારખાનું હતું. જેઠીબાઈ પોતાના રંગાટના કામ સાથે લોકોના દુ:ખ-દર્દ દૂર કરવાનું સમાજ સેવાનું કાર્ય પણ કરતા હતા. દીવની ધરતી પર પોર્ટુગીઝ શાસન દરમિયાન અનાથ બાળકોને પરાણે ધર્મ પરિવર્તન કરાવવાના અમાનુષી કાયદા સામે જેઠીબાઈએ પોતાના કસબના બળ વડે પોર્ટુગીઝ સરકારને ઝુકાવવામાં સફળતા મેળવી હતી. હિંદુઓ પ્રત્યે આચરવામાં આવતાં અમાનુષી અત્યાચારને અટકાવવા માટેની અરજી આખી બાંધણીના સાત પડની નીચે ભીંડી દ્વારા તૈયાર કરેલી ઓઢણી પોર્ટુગલની મહારાણી સમક્ષ રજુ કરી ધાર્યું પરિણામ મેળવ્યું હતું. એ બાંધણી 'પાનુ દે જેઠી' નામથી ઇતિહાસમાં અમર બની ગઈ છે. આજે પણ આ બાંધણી લિસ્બનના સંગ્રાલયમાં છે. આ બાંધણી થકી એમને સારો એવો મરતબો મળ્યો હતો. જેઠીબાઈને એના ઘર પાસેથી પસાર થતાં પોર્ટુગીઝ અમલદારો અને નોકરોને સલામી આપવાના હુકમો થયાં હતાં; જેઠીબાઈના ઘર પાસે બૅન્ડવાજાં વગાડવાના હુકમો પણ કરાયાં હતાં. આજે પણ આ વીરાંગનાની પુણ્યસ્મૃતિમાં જેઠીબાઈ માર્ગ જેવા નામકરણ કરવામાં આવેલ છે. જેઠીબાઈની યાદગીરી રૂપે દીવના *બસ સ્ટેશન*ને 'જેઠીબાઈ બસ સ્ટેશન' એવું નામાભિધાન કરવામાં આવ્યું છે, તો દીવમાં ચાલતી શહેરી *બસ* સેવાને પણ 'જેઠીબાઈ ટ્રાન્સપોર્ટ' નામ આપવામાં આવ્યું છે. આ બ્રહ્મક્ષત્રિય વીરાંગના માટે આખું ગુજરાત ગૌરવ અનુભવે છે.

આરબો સ્થાનિક લોકોને ગુલામ તરીકે પકડી અરબસ્તાન લઈ ગયેલ જેનો નિજાનંદ સંપ્રદાયના સ્વામી પ્રાણનાથજીની પ્રેરણાથી છુટકારો થયેલ. આજનું કૃષ્ણ પ્રણામીમંદિર તે એ જ પ્રાણનાથજીની બેઠક છે.

ભારતવર્ષના સ્વાતંત્ર્ય સંગ્રામની ગાથા દીવને પણ સ્પર્શી ગઈ. ઈ.સ. ૧૯૪૮ માં ભવ્ય ગાંધીયાત્રા નીકળી અને ત્યારબાદ વતનપરસ્ત દીવની પ્રજામાં પણ વિદેશી નાગચૂડમાંથી છૂટવાનો સળવળાટ શરુ થયો. આરઝી હુકૂમતમાં નેતા શામળદાસ ગાંધી જેવાએ દીવનો સંપર્ક સ્થાપિત કર્યો.

ઈ.સ. ૧૯૫૩ સુધી ગોવા, દમણ અને દીવની પ્રજા સ્વાતંત્ર્ય સંગ્રામના મુખ્ય પ્રવાહથી અલગ રહી તેના કારણોમાં જોઈએ તો ઈ.સ. ૧૫૩૯ માં પોર્ટુગીઝ ગવર્નર નોરોંયાં સાથે થયેલી સંધિ પ્રમાણે દીવમાં પોર્ટુગીઝ સત્તા કાયદેસર બની હતી. અને આ વિસ્તાર પોર્ટુગીઝ વસાહત બની હતી પરંતુ આ પ્રદેશની મુખ્ય ભાષા ગુજરાતી, મુખ્ય સંસ્કૃતિ હિંદુ અને અન્ય કોમો પણ ભારતીય સંસ્કૃતિના પરિવેશમાં જ જીવતી હોવાથી ઈ.સ. ૧૯૫૩ માં સ્વાતંત્ર્યની ઊંડે ઊંડે રહેલી ચિનગારી એક જવાળા બનીને ભભૂકી ઉઠી અને તે આગમાં ઈ.સ. ૧૯૬૧ ના ડિસેમ્બરની ૧૯ તારીખે પોર્ટુગીઝ શાસન ભસ્મીભૂત થઈ ગયું. તે

દિવસે દીવ પોર્ટુગીઝ શાસનમાંથી મુક્ત થયું અને ભારત સરકારના શાસન હેઠળ તેને મુકવામાં આવ્યું. ત્યારબાદ અર્વાચીન દીવના વિકાસની શુભ યાત્રાનો પ્રારંભ થઈ ચૂક્યો જે એની વણથંભિ કૂચમાં દીવને આંતરરાષ્ટ્રિય નકશામાં સ્થાન અપાવવા સુધી પહોંચી ચૂક્યું છે.

ઈ.સ. ૧૯૬૧ ની ૧૯ ડિસેમ્બરના યાદગાર દિવસે આ પ્રસંગની અમિટ છાપ દીવનાં એક એક પથ્થર પર અફળાતા એક એક મોજા ઉપર મૂકી ચૂકાઈ છે, જે આજે પણ એના ઊઠતા પ્રતિધ્વનિમાંથી વીરહાક સ્વરૂપે સંભળાતી જોવા મળે છે.